# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૯ તા.૫-૧૨-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દિવાળી વેકેશન / જાહેર રજા દરમ્યાન બી.એલ.ઓ. તરીકે કરેલ કામગીરીની વળતર રજા મંજૂર કરવા બાબત.

સંદર્ભ :- ૧. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિગાગના પત્ર ક્રમાંકઃ બમશ-૧૦૨૦૧૩-૧૭૦-ગ, સચિવાલય ગાંધીનગર, તા.૧/૧૧/૨૦૧૩

૨ ગુજરાત મુલ્કી સેવા (રજાના નિયમો-૨૦૦૨)

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, દિવાળી વેકેશન / જાહેર રજા દરમ્યાન બી.એલ.ઓ. / બી.એલ.ઓ સુપરવાઇઝર તરીકે કરેલ કામગીરી વળતર રજા/પ્રાપ્ત રજા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકશ્રીઓએ નીચેની વિગતોએ મંજૂર કરવાની થાય છે.

૧. દિવાળી વેકેશન દરમ્યાન બી.એલ.ઓ. / બી.એલ.ઓ સુપરવાઇઝર તરીકે કામગીરી કરી હશે તેના અધિકૃત અધિકારીશ્રીના પ્રમાણપત્રના આધારે કુલ દિવસના ૧/૩ ની પ્રાપ્ત રજા જમા થશે. અને
૨. જાહેર રજાના દિવસે મતદાન મથક પર હાજર રહી બી.એલ.ઓ. તરીકેની કામગીરી કરેલ હોઇ તો તેની વળતર રજા જૂન-૧૯ થી મે-૨૦ (સત્ર) દરમ્યાન ભોગવવાની રહેશે.
૩. બી.એલ.ઓ. / બી.એલ.ઓ. સુપરવાઈઝર તરીકેની કામગીરીનો હુકમ તથા કરેલ કામગીરીનું પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે.

ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ વિગતોએ વળતર રજા/પ્રાપ્ત રજા ભોગવી શકાશે. જ્યારે વિદ્યાસહાયકોને પ્રાપ્ત રજા મળી શકશે નહી. પરંતુ તેઓએ સરકારશ્રીના નિયમો અનુસાર જે તે શૈક્ષણિક વર્ષમાં જ વળતર રજા ભોગવવાની રહેશે. શિક્ષકશ્રીઓને મળવાપાત્ર પ્રાપ્ત રજાઓ જે તે કર્મચારીશ્રીની સેવાપોથીમાં નિયમાનુસાર કાર્યવાહી કરી જમા લેવાની રહેશે. વધુમાં વળતર રજા એક સાથે એકથી વધુ ભોગવી શકાશે નહીં, સી.એલ. સાથે જોડી શકાશે નહીં. શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તેવી રીતે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ આ રજાઓને મંજૂર કરવાની રહેશે.

તા.૫-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી